# આનંદ કલ્યાણ

વિ.સ. ૨૦૬૯, જેઠ સુદ ૧ • તા. ૯ જૂન, ૨૦૧૩ • અંક : ૧



શેઠ આણંદજી કલ્યાણજી પેઢી

અમદાવાદ

# આણંદજી કલ્યાણજી પેઢીના પૂર્વ પ્રમુખ



શેઠશ્રી હેમાભાઈ વખતચંદ



શેઠશ્રી પ્રેમાભાઈ હેમાભાઈ




શેઠશ્રી મયાભાઈ પ્રેમાભાઈ



શેઠશ્રી લાલભાઈ દલપતભાઈ



શેઠશ્રી ચીમનલાલ લાલભાઈ



શેઠશ્રી કસ્તૂરભાઈ મણિભાઈ

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી નું મુખપત્ર
(ધાર્મિક ધર્માદા ટ્રસ્ટ રજી નં. એ-૧૨૯૯/અમદાવાદ)

# આનંદ કલ્યાણ

વર્ષ - ૧ અંક - ૧ મૂલ્ય : ૧૫ રૂા. ... વાર્ષિક લવાજમ ૫૦ રૂા.

તીર્થંકર ભાષિત ધર્મ છે અતિ મહાન
ગણધર ગૂંફિત દ્વાદશાંગીને હો પ્રણામ
સાધુસાધ્વી શ્રાવક શ્રાવિકા
સંઘ ચતુર્વિધના ગુણગાન
ગુણગાવાથી ગુણી થઈશું
ગુણવાનોનું કરો સન્માન
સૃષ્ટિના સહુ જીવો ઝંખે
સુખ-શાંતિ તણા વરદાન
તનની સ્વસ્થતા મનની પ્રસન્નતા
જીવનમાં સહુ પામો જ્ઞાન
કર્મોના બંધનને તોડી
મુક્ત બની સહુ કરો ઉડાન...
સહુને મળજો... સહુ મેળવજો
જીવનમાં આનંદ કલ્યાણ !

: પ્રકાશક :
શેઠ આણંદજી કલ્યાણજી પેઢી
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,
૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

'આનંદ કલ્યાણ' (ત્રૈમાસિક પત્ર)

વર્ષ - ૧, અંક - ૧

પ્રથમ પ્રકાશન

વિ.સં. ૨૦૬૯ જેઠ સુદ - ૧

તા. ૯-૬-૨૦૧૩, રવિવાર

પ્રકાશક :

નરેશ શંકરલાલ ભટ્ટ (ડેપ્યુટી જનરલ મેનેજર)

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી

શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,

૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ,

પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

ફોન : ૨૬૬૪૪૫૦૨ - ૨૬૬૪૫૪૩૦

Telefax : 079 - 2660 8244

E-mail : shree_sangh@yahoo.com

મુદ્રક :

નવનીત પ્રીન્ટર્સ (નિકુંજ શાહ)

૨૭૩૩, કુવાવાળી પોળ, શાહપુર, અમદાવાદ-૧.

મો. ૯૮૨૫૨ ૬૧૧૭૭

E-mail : navneet1177@gmail.com

# જૈનસંઘના પરમ આદરણીય અગ્રણી અને યશસ્વી વડીલ શેઠ શ્રેણિકભાઈ કસ્તૂરભાઈ નો સંદેશો

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી ટ્રસ્ટ એટલે ભારતભરના તમામ શ્વેતામ્બર જૈન સંઘોનું પ્રતિનિધિત્વ કરતી જાજરમાન સંસ્થા ! ઉપલબ્ધ ઐતિહાસિક પુરાવા અનુસાર વિ.સં. ૧૭૮૭ (ઈ.સન્ ૧૭૩૧) થી કામ કરતી એટલે કે ૨૮૨ જેટલા વરસોથી પ્રારંભમાં  શ્રી શત્રુંજય મહાતીર્થ સંબંધી વહીવટ તથા ધીમે ધીમે આવશ્યકતા અનુસાર અનેક તીર્થો-જિનાલયોનો સુચારુ વહીવટ કરતી આ પેઢીનું સર્વપ્રથમ બંધારણ વિ.સં. ૧૯૩૬ ભાદરવા વદ ૧ ઈ.સન્ ૧૯-૦૯-૧૮૮૦ના દિવસે ૨૩ ગામના ૩૨ પ્રતિનિધિઓ તથા અન્ય કુલે ૧૦૩ મહાનુભાવોની હાજરીમાં રાવબહાદુર પ્રેમાભાઈ હિમાભાઈના અધ્યક્ષસ્થાને રચાયું. વિ.સં. ૧૯૬૮ ઈ.સન્ ૧૯૧૨ના ૨૮-૨૯-૩૦ ડિસેમ્બરના આયોજિત ત્રિ-દિવસીય સભામાં સમગ્ર ભારતભરના ૯૦ જૈન સંઘોના ૧૧૦ પ્રતિનિધિઓના ઠરાવ સાથે આ પેઢી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘની પ્રતિનિધિ સંસ્થા બની. આમ પેઢીઓથી પીઢ અને અનુભવ સમૃદ્ધ આ સંસ્થા ચતુર્વિધની સેવામાં સમર્પિત છે. આણંદજી કલ્યાણજીનું નામ પડે અને મારું મનોજગત આનંદથી ઉભરાઈ જાય ! મારા વડવાઓનો આ પેઢી સાથે અંતરંગ નાતો રહ્યો છે. વરસોથી આ પેઢી અને પેઢીથી સંબંધિત વાતો મારું ભાવ-વિશ્વ બની રહી છે. મારા દાદા શેઠ લાલભાઈ દલપતભાઈએ આ પેઢીને (૧૮-૫-૧૯૦૩ થી ૫-૬-૧૯૧૨) ૯ વરસ સુધી સેવા આપી. મારા પિતાશ્રી કસ્તૂરભાઈએ (૨૫-૧૦-૧૯૨૫ થી ૮-૩-૧૯૭૬) ૫૦ વરસ સુધી ટ્રસ્ટી અને પ્રમુખ સ્થાને રહ્યા એમના અતિ દીર્ઘ સમયના ગાળા દરમિયાન તીર્થોદ્ધાર, તીર્થ સંરક્ષણ દેરાસરોના જીર્ણોદ્ધાર વગેરે અનેક કાર્યો થયા જે દસ્તાવેજી પુરાવા જેવા પુરવાર થયા. આમતો હું પહેલ વહેલી વાર વિ.સં. ૨૦૨૩ જેઠ સુદ ૧૦ એટલે ૧૭-૦૬-૧૯૬૭ની પેઢીની મિટીંગમાં નિરીક્ષક તરીકે ઉપસ્થિત રહ્યો. મને પિતાશ્રી તરફથી અપાયેલી સૂચના પ્રમાણે મારે એક પણ શબ્દ

'આનંદ કલ્યાણ' (ત્રૈમાસિક પત્ર)

વર્ષ - ૧, અંક - ૧

**પ્રથમ પ્રકાશન**

વિ.સં. ૨૦૬૯ જેઠ સુદ – ૧

તા. ૯–૬–૨૦૧૩, રવિવાર

**પ્રકાશક :**

**નરેશ શંકરલાલ ભટ્ટ** (ડેપ્યુટી જનરલ મેનેજર)

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી

શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,

૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ,

પાલડી, અમદાવાદ–૩૮૦૦૦૭.

ફોન : ૨૬૬૪૪૫૦૨ – ૨૬૬૪૫૪૩૦

Telefax : 079 - 2660 8244

E-mail : shree_sangh@yahoo.com

**મુદ્રક :**

નવનીત પ્રીન્ટર્સ (નિકુંજ શાહ)

૨૭૩૩, કુવાવાળી પોળ, શાહપુર, અમદાવાદ–૧.

મો. ૯૮૨૫૨ ૬૧૧૭૭

E-mail : navneet1177@gmail.com

# જૈનસંઘના પરમ આદરણીય અગ્રણી અને યશસ્વી વડીલ શેઠ શ્રેણિકભાઈ કસ્તૂરભાઈ નો સંદેશો

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી ટ્રસ્ટ એટલે ભારતભરના તમામ શ્વેતામ્બર જૈન સંઘોનું પ્રતિનિધિત્વ કરતી જાજરમાન સંસ્થા ! ઉપલબ્ધ ઐતિહાસિક પુરાવા અનુસાર વિ.સં. ૧૭૮૭ (ઈ.સન્ ૧૭૩૧) થી કામ કરતી એટલે કે ૨૮૨ જેટલા વરસોથી પ્રારંભમાં શ્રી શત્રુંજય મહાતીર્થ સંબંધી વહીવટ તથા ધીમે ધીમે આવશ્યકતા અનુસાર અનેક તીર્થો-જિનાલયોનો સુચારુ વહીવટ કરતી આ પેઢીનું સર્વપ્રથમ બંધારણ વિ.સં. ૧૯૩૬ ભાદરવા વદ ૧ ઈ.સન્ ૧૯-૦૯-૧૮૮૦ના દિવસે ૨૩ ગામના ૩૨ પ્રતિનિધિઓ તથા અન્ય કુલે ૧૦૩ મહાનુભાવોની હાજરીમાં રાવબહાદુર પ્રેમાભાઈ હિમાભાઈના અધ્યક્ષસ્થાને રચાયું. વિ.સં. ૧૯૬૮ ઈ.સન્ ૧૯૧૨ના ૨૮-૨૯-૩૦ ડિસેમ્બરના આયોજિત ત્રિ-દિવસીય સભામાં સમગ્ર ભારતભરના ૯૦ જૈન સંઘોના ૧૧૦ પ્રતિનિધિઓના ઠરાવ સાથે આ પેઢી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘની પ્રતિનિધિ સંસ્થા બની. આમ પેઢીઓથી પીઢ અને અનુભવ સમૃદ્ધ આ સંસ્થા ચતુર્વિધની સેવામાં સમર્પિત છે. આણંદજી કલ્યાણજીનું નામ પડે અને મારું મનોજગત આનંદથી ઉભરાઈ જાય ! મારા વડવાઓનો આ પેઢી સાથે અંતરંગ નાતો રહ્યો છે. વરસોથી આ પેઢી અને પેઢીથી સંબંધિત વાતો મારું ભાવ-વિશ્વ બની રહી છે. મારા દાદા શેઠ લાલભાઈ દલપતભાઈએ આ પેઢીને (૧૮-૫-૧૯૦૩ થી ૫-૬-૧૯૧૨) ૯ વરસ સુધી સેવા આપી. મારા પિતાશ્રી કસ્તૂરભાઈએ (૨૫-૧૦-૧૯૨૫ થી ૮-૩-૧૯૭૬) ૫૦ વરસ સુધી ટ્રસ્ટી અને પ્રમુખ સ્થાને રહ્યા એમના અતિ દીર્ઘ સમયના ગાળા દરમિયાન તીર્થોદ્ધાર, તીર્થ સંરક્ષણ દેરાસરોના જીર્ણોદ્ધાર વગેરે અનેક કાર્યો થયા જે દસ્તાવેજી પુરાવા જેવા પુરવાર થયા. આમતો હું પહેલ વહેલી વાર વિ.સં. ૨૦૨૩ જેઠ સુદ ૧૦ એટલે ૧૭-૦૬-૧૯૬૭ની પેઢીની મિટીંગમાં નિરીક્ષક તરીકે ઉપસ્થિત રહ્યો. મને પિતાશ્રી તરફથી અપાયેલી સૂચના પ્રમાણે મારે એક પણ શબ્દ

બોલવાનો નહોતો પણ માત્ર બધી કાર્યવાહી જોવાની હતી. અને એજ રીતે મિટિંગની સમગ્ર કાર્યવાહી મેં એક પણ શબ્દ બોલ્યા વગર મૌનપણે નિહાળી. ત્યારબાદ તેઓશ્રી તથા અન્ય ટ્રસ્ટીઓ સાથે પેઢી હસ્તકના બધા તીર્થોની મુલાકાત લેતો રહ્યો અને મારે જે જાણવું હતું અને સમજવું હતું તે અતિ વ્યવહાર કુશળ મુરબ્બી કેશુભાઈ શેઠ પાસેથી જાણતો રહ્યો, સમજતો રહ્યો, અને આ રીતે પેઢી સાથેની મારી યાત્રા આરંભાઈ. મારા પિતાશ્રીના કાર્યકાળ દરમ્યાન અનેકવાર અનેક આયોજનોના સહભાગી બનવાનું આવ્યું. ઘણું બધું શીખવા – સમજવા મળ્યું ! હાર્વર્ડના શિક્ષણ અને સંસ્કરણથી આ એક અલાયદી દુનિયા હતી. વ્યવહાર જગતની અનેક વાતો આશ્ચર્યજનક તો કેટલીક આઘાતજનક પણ નીવડી. છતાંયે બધામાંથી અનુભવ તો મળ્યો જ ! ભણતર માત્રથી ઘડતર થઈ જતું નથી. જડતર અને નડતરની સાંકડી કેડીએથી પસાર થવું પડે છે. ખડતર અને ખમીરવંતા ખભાઓનો ટેકો લેવો પડે છે. ક્યાંક એ ખભાઓને થાબડવા પણ પડે છે. પણ એનાથી તમારી પ્રતિભાનું ચણતર મજબૂત અને લોખંડી બને છે. મને મારા ૩૮ વરસના (૧૯૬૭ થી ૧૯૭૬ આમંત્રિત સદસ્ય તરીકે તથા ૦૮-૦૩-૧૯૭૬ થી ૦૬-૧૧-૨૦૦૫ પ્રમુખ તરીકે) કાર્યકાળ દરમ્યાન શ્રી સંઘના અનેકવિધ કાર્યોમાં નિમિત્તે બનવાનું સદ્ભાગ્ય સાંપડ્યું ! આજે ભલે હું પેઢીના પદાધિકારીઓમાં નથી પણ મન તો મારું પેઢી સાથે જ જોડાયેલું રહે છે જ.

પેઢીનું કાર્યક્ષેત્ર અને કાર્યોનો વ્યાપ એટલો બધો છે કે એમાં ક્યારેક લોકો પાસે કાર્ય અંગેની સાચી માહિતી ન પહોંચવાથી ગેરસમજો સર્જાઈ જાય ! અને આવું વારેવારે બનતું પણ હોય છે ! પેઢી માત્ર તીર્થોનો વહીવટ કે દેરાસરોના જીર્ણોદ્ધાર જ કરાવે છે એવું નથી. અનેકવિધ ક્ષેત્રોમાં એનું યોગદાન, પ્રદાન છે.

આ બધા કાર્યો અંગેની માહિતી ચતુર્વિધ જૈનસંઘ સુધી પહોંચે એ અતિ આવશ્યક હતું અને એ માટે પેઢીના પોતાના મુખપત્રની આવશ્યકતા વરસોથી

હતી. એક યા બીજા કારણોસર એ અત્યાર સુધી શક્ય ના બન્યું ! આજે એ સપનું સાકાર થાય છે એનો હર્ષ થાય એ સ્વાભાવિક છે. આનાથી પારદર્શિતા વધશે... ગેરસમજો દૂર થશે. કમ સે કમ પેદા તો ઓછી થશે !

મને વિશ્વાસ છે, ભરોસો છે. વર્તમાન ટ્રસ્ટી મંડળ અને કાર્યવાહક-ગણ પેઢીના મુખપત્રની જવાબદારી પૂરી કર્મઠતાથી ઉઠાવી શકશે. મુખપત્ર પ્રગટ કરવાનો નિર્ણય એ જ એક મોટું સાહસ છે. જ્યારે એને પ્રગટ કરવું, નિયમિતપણે ચલાવવું, આંખ અને અંતરને રુચે એવું બનાવવું, એ ખરેખર એક લાંબી અને કાળજી માંગતી પ્રક્રિયા છે. અત્યારે તો શરુઆત થાય છે એજ મહત્ત્વનું છે. પંથ ભલે લાંબો હોય પણ એકાદ પગલું તો ભરવું જ પડે છે ! શુભ આશયપૂર્વક થનારી તમામ પ્રવૃત્તિઓને મારા આશીર્વાદ અને અભિનંદન હોય જ ! આ તો મારા પોતાના પ્રભુની પેઢીનું મુખપત્ર પ્રગટ થવાનું છે. એનો હરખ તો ઉછળતો જ હોય !

આ પ્રવૃત્તિને આપ બધા પણ આશીર્વાદ આપો, વધાવો અને ઉમળકાથી સહકાર આપો એવી મારી આપ સહુને વિનંતી છે.. સહુ જીવોને આનંદ અને કલ્યાણ પ્રાપ્ત થાઓ... અને એ પ્રાપ્ત થવામાં આણંદજી કલ્યાણજી નિમિત્ત બને એવી શુભેચ્છા સાથે વિરમું છું.

● ● ●

**શાંતિદાસ શેઠના વ્યક્તિત્વ માટે એક સચોટ નિરીક્ષણ !**

Jainism has produced in Gujarat in the course of centuries many distinguished religious guides and teachers whose names are held inhigh reverence by the community. But among its temporal magnates there is no name which can equal that of Shantidas Jawahari, who is said to have received, according to an old historical tradition, the title of Nagarsheth or 'Lord Mayor' of Ahmedabad in the early years of the seventeenth centuary.

[- Studies in the History of Guajrat, p. 53]

જૈનધર્મે, સદીઓ દરમ્યાન, ઘણા વિશિષ્ટ ધાર્મિક માર્ગદર્શકો અને ધર્મગુરુઓને ઉત્પન્ન કર્યા છે; અને જૈન કોમ એમના પ્રત્યે ખૂબ આદર ધરાવે છે. પણ એના ગૃહસ્થ મહાપુરુષોમાં એવી કોઈ વ્યક્તિ નથી થઈ કે જે શાંતિદાસ ઝવેરીની બરોબરી કરી શકે. ઐતિહાસિક માન્યતા પ્રમાણે, સત્તરમી સદીની શરૂઆતમાં, એમને અમદાવાદના નગરશેઠ અથવા 'મેયર' નો ખિતાબ મળ્યો હતો.

# પ્રમુખની કલમે

શ્રમણ-શ્રમણી-શ્રાવક-શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘમય ધર્મતીર્થને ભાવપૂર્વક વંદના કરીને ધન્યતાની લાગણી અનુભવું છું. આશરે ૨૮૨થી વધારે વર્ષોથી સકળ શ્રી સંઘની સેવામાં કાર્યરત શેઠ આણંદજી કલ્યાણજી પેઢી ટ્રસ્ટના પ્રમુખ તરીકે પ્રસ્તુત સામયિક દ્વારા આપને મળવાની તક મેં ઝડપી છે. પેઢીની પ્રવૃત્તિઓથી આપ સારી રીતે માહિતગાર બનો એ ઉદ્દેશ્યથી આ ત્રૈમાસિક પત્રનો પ્રારંભ કરવામાં આવ્યો છે. શેઠ આણંદજી કલ્યાણજી પેઢી ટ્રસ્ટ શ્રી શત્રુંજય, શ્રી ગિરનારજી, શ્રી તારંગાજી, શ્રી કુંભારિયાજી, શ્રી શેરિસાજી, શ્રી રાણકપુરજી, શ્રી મક્ષીજી આદિ તીર્થોનો વહીવટ કરે છે. તે ઉપરાંત શ્રી સમ્મેતશિખરજી મહાતીર્થની કાયદાકીય તથા અન્ય સમસ્યાઓના સમાધાન માટે સઘન પ્રયાસો કરે છે. પ્રાચીન જીનાલયોના જીર્ણોદ્ધાર, કલ્યાણક ભૂમિઓના જીનાલયોના જીર્ણોદ્ધાર તથા જરુર હોય ત્યાં નૂતન દેરાસરોના નિર્માણ માટે થોડા ઘણા અંશે લાભ લે છે. આવી એક સર્વસામાન્ય છાપની સામે પેઢીની ઘણી વિધવિધ પ્રવૃત્તિઓ કે જેનો વ્યાપ ખૂબ વિસ્તરેલો છે એની માહિતી આપ સુધી પહોંચે એ મને ખૂબ જ જરૂરી લાગે છે.

તીર્થ-સંરક્ષણ, તીર્થ-પ્રબંધન અને જિનાલયોનું પુનઃસ્થાપન, જીવદયા, શ્રુતસંવર્ધન, સાધુ-સાધ્વી વૈયાવચ્ચ... સાધર્મિક-સહયોગ વગેરે અનેક પ્રકારની પ્રવૃત્તિઓ દ્વારા આણંદજી કલ્યાણજી પેઢી ટ્રસ્ટ શ્રી સંઘની સેવામાં સતત સજાગ પ્રહરીની જેમ પ્રવૃત્ત રહી છે. સમયના બદલાવાની સાથે સાથે વિકાસની સીડીઓ સર થવા માંડી, નવી નવી ક્ષિતિજો ઉઘડવા માંડી સાથે સાથે નાની મોટી સમસ્યાઓ પણ સર્જાવા લાગી. પ્રવૃત્તિના માર્ગે નાના મોટા પડકારો આવે જ. જુદા જુદા પ્રશ્નો ઊભા થાય.. ઘણી વખતે ગેરસમજોના કારણે ઘણા સવાલો ઉત્પન્ન થાય છે. પરંતુ શાસનદેવ અને ચતુર્વિધ સંઘના આશીર્વાદ અને પોતીકાપણાની લાગણીના બળે પેઢી કપરી પરિસ્થિતીઓમાંથી રસ્તો કરી લે છે. સહકાર, સુલેહ, સમાધાન અને વિકાસ આવું વલણ એ પેઢીના પ્રાણવાયુ જેવા પરિબળો છે. પેઢી સમગ્ર શ્રી સંઘને

સમર્પિત છે. પેઢી શ્રી સંઘની જ છે. પેઢી પ્રણાલિકાઓ અને પરંપરાઓ પ્રમાણે કાર્ય કરે છે. આપણે બધા એકબીજાના હરીફ નહી પરંતુ એકબીજાના પૂરક થઈને વિકાસની નવી નવી ક્ષિતિજો તરફ પગલાં ભરીએ અને જિનશાસનની ખૂબ પ્રભાવના કરીએ.

છેલ્લા ઘણા વખતથી એક સવાલ મનમાં ઘૂમરાતો રહે છે. મારી એ પીડામાં આજે હું આપને સહભાગી બનાવું છું. પ્રાચીન દેરાસરો, એ આપણા ભવ્ય ભૂતકાળનો ભાતીગળ વારસો છે. એની કળા.. સંરચના.. માળખું, બાંધણીમાં આપણો વરસો જુનો ઈતિહાસ સંઘરાયેલો છે. સ્વાભાવિક છે કે જુનું જર્જર થાય.. જીર્ણ થાય.. એને સમારકામની જરૂર પડે.. જાળવણીની આવશ્યકતા ઊભી થાય.. એ બધું આપણે કરીએ, કારણ આપણું એ પરમ કર્તવ્ય છે. આ જીર્ણોદ્ધાર તથા નવીનીકરણના પ્રયાસોમાં અસલિયત તથા પ્રાચીનતા જળવાઈ રહે, જે તે વખતની સંસ્કૃતિ, કળાકૃતિ અને ઈતિહાસ સચવાય એ અત્યંત જરૂરી છે. કારણોસર દેરાસરજી ઉતારીને નવું કરવું પડે તો તે દેરાસરમાં પણ જિનાલયના પ્રાચીન ઈતિહાસ પૂરતી તેજ કળાકૃતિ કરવી એવું મારું દ્રઢપણે માનવું છે. જે તે વખતની સંસ્કૃતિ કે કળાકૃતિ અને આપણો ઈતિહાસ લુપ્ત ન થઈ જાય. આપણે આપણી પ્રાચીન સંસ્કૃતિ કે કળાકૃતિ, ઈતિહાસ, વારસો સાચવીને, એનું રક્ષણ કરીને આવનાર પેઢીઓ માટે રાખીશું તો એક બહુ સુન્દર કાર્ય કર્યાનો સંતોષ મળશે. આજે તો ટેકનોલોજી અને અન્ય સાધનોનો એવો વિકાસ છે, એવા સાધનો ઉપલબ્ધ છે કે જુનાની જાળવણી બહુ સારી રીતે કરી શકાય. પણ એ માટે આપણી જાગૃતિ, તૈયારી અને પ્રાચીનતાની ઓળખ જોઈએ !

તેજ રીતે જ્ઞાનની દિશામાં પણ પડશે. આપણા જ્ઞાન ભંડારો, પ્રાચીન ગ્રંથો તે વગેરે પણ સખૂબ સારી રીતે સચવાય તેના માટે આપણે સર્વેએ કટિબદ્ધ થવું જોઈએ. કમનસીબે આપણા ઘણા બધા પ્રાચીન ગ્રંથો દેશની બહાર ચાલ્યા ગયા છે. જુદા જુદા મ્યુઝિયમો અને વ્યક્તિગત સંગ્રહમાં પડ્યા હશે જેની ઘોર આશાતના થતી હશે.

**અંતમાં સહુથી વધારે અગત્યની વાત :**

મારા વિનમ્ર મંતવ્ય પ્રમાણે સકળ સંઘની એકવાક્યતા ખૂબ જરૂરી છે. હું ચોક્કસપણે માનું છું કે આ વાત ખૂબ સંવેદનશીલ અને અઘરી છે પરંતુ આપણે જરા શાન્તિથી વિચારીએ કે આપણે બધા પરમાત્મા મહાવીર સ્વામીના જ છીએ. તેમના જ સંઘના છીએ. તો આગળના ભવિષ્યમાં સારું પરિણામ ચોક્કસ આવી શકે.

આનંદ અને કલ્યાણ એ સહુનું સ્વપ્ન હોય છે. સૌના માટે એ સાકાર બનો એ જ અભ્યર્થના.

જિનશાસનની મર્યાદા વિરૂદ્ધ કંઈ પણ લખાયું હોય તો મારા અંતઃકરણ પૂર્વક સકળ સંઘને મિચ્છામિ દુક્કડમ્ પાઠવું છું.

**સંવેગ લાલભાઈ**
**પ્રમુખ**
**(શેઠ આણંદજી કલ્યાણજી પેઢી)**

આણંદજી કલ્યાણજી પેઢી પ્રારંભમાં માત્ર શ્રી શત્રુંજય મહાતીર્થના સંરક્ષણ, વિકાસ અને તીર્થ સંબંધી તમામ પ્રશ્નો સાથે સંકળાયેલી હતી. પણ વિ.સં. ૧૯૬૩, ઈ.સન્ ૧૯૦૭ થી પેઢી પાસે જુદા જુદા તીર્થોના વહીવટો આવતા ગયા. જેનું આકલન આ પ્રમાણે છે :

| તીર્થ | વિ.સં. | ઈ.સન્ |
|---|---|---|
| ગિરનાર (ગુજરાત) | ૧૯૬૩ | ૧૯૦૭ |
| તારંગા (ગુજરાત) | ૧૯૭૭ | ૧૯૨૧ |
| શેરિસા (ગુજરાત) | ૧૯૮૪ | ૧૯૨૮ |
| વામજ (ગુજરાત) | ૧૯૯૬ | ૧૯૪૦ |
| મક્ષી (મધ્યપ્રદેશ) | ૧૯૭૭ | ૧૯૨૧ |
| કુંભારિયાજી (ગુજરાત) | ૧૯૭૭ | ૧૯૨૧ |
| મુછાળા મહાવીર (રાજસ્થાન) | ૨૦૨૦ | ૧૯૬૪ |
| રાણકપુર (રાજસ્થાન) | ૧૯૫૩ | ૧૮૯૭ |

# શેઠ આણંદજી કલ્યાણજી પેઢીનું અસ્તિત્વ ક્યારથી ?

આણંદજી કલ્યાણજીની પેઢી એ ભારતભરમાં સમગ્ર જૈન શ્વેતાંબર સંઘનું પ્રતિનિધિત્વ કરનારી સંસ્થા છે. એનો પ્રારંભ, એની શરુઆત આ બધી બાબતો અંગે મળતી માહિતી ખૂબ જ રસપ્રદ છે. એ બધાની તારવણી કરતા નીચેના મુદ્દાઓ 'ઉપસી આવે છે.

આણંદજી કલ્યાણજી પેઢીના કાર્યાલય ખાતે સંગ્રહાયેલા જુના હિસાબી ચોપડાઓ – દસ્તાવેજોના પોટલાઓમાં પોટલા નં. ૧ માં રહેલાં ૩ નંબરના ચોપડામાં શેઠ આણંદજી કલ્યાણજીનું નામ સહુ પ્રથમ **શેઠ અણદજી કલણ** લખાણમાં મળે છે.

આજ પોટલાના ૪ નંબરના ચોપડામાં વિ.સં. ૧૭૮૭નો આવરો છે. એમાં પણ શેઠ આણંદજી કલ્યાણજીના નામે રકમો જમા કે ઉધાર મળે છે. આ આવરાની ખતવણી ૭મા નંબરના ખાતાવહીના ચોપડામાં કરવામાં આવેલી છે. ૭માં નંબરના ખાતાવહીના ચોપડાના નવમાં પાને એક ખાતું છે તેને 'શેઠ આણદાજી કાલાણ ખાતું શ્રી રાજનગરો' એવું નામ અપાયું છે.

૧૭૮૮–૧૭૮૯ ની સાલના આવરામાં (પોટલામાંનો ૫ નંબરનો ચોપડો) કેટલેક ઠેકાણે શેઠ આણંદ કલ્યાણજીના નામે રકમો જમે કે ઉધાર કરવામાં આવી છે.

પાલીતાણાના વિ.સં. ૧૭૮૭ના ચોપડામાં પહેલ વહેલું શેઠ આણંદજી કલ્યાણજીનું નામ મળે છે.

વિ.સં. ૧૮૧૫ની સાલમાં તો આણંદજી કલ્યાણજીની પેઢી એવું ચોખ્ખે ચોખ્ખું નામ મળે છે. કદાચ આનાથી જૂનું પણ આ નામ હોઈ શકે.

(ઉપરોક્ત માહિતી : આણંદજી કલ્યાણજી પેઢીનો ઈતિહાસ ભાગ ૧-૨ લેખક રતિલાલ દીપચંદ દેસાઈના પુસ્તકમાંથી)

પાલીતાણાના દરબાર ગોહેલ ઉન્નડજી તથા કુંવર બાવાજી એ કરેલા દસ્તાવેજોમાં વિ.સં. ૧૮૩૩માં શેઠ આણંદજી કલ્યાણજીનું નામ મળે છે.

વિ.સં. ૧૭૮૭ થી ૧૮૮૦ (ઈ.સન્ ૧૭૩૧-૧૮૨૪) સુધી આ પેઢી મુખ્યત્વે શત્રુંજય તીર્થે સંબંધી વહીવટ જ સંભાળતી હતી. વિ.સં. ૧૯૩૬, ભાદરવા વદ-૧, ઈ.સન્ ૧૯-૯-૧૮૮૦ના દિવસે શ્રી સંઘના ૨૩ ગામના ૩૨ પ્રતિનિધિઓ તથા અન્ય કુલે ૧૦૩ મહાનુભાવોની હાજરીમાં તત્કાલીન પ્રમુખ નગરશેઠ પ્રેમાભાઈ હેમાભાઈના અધ્યક્ષસ્થાને આ પેઢીનું સર્વપ્રથમ બંધારણ ઘડવામાં આવ્યું. વિ.સં. ૧૯૬૮, ઈસ્વી સન્ ૧૯૧૨ના ડિસેમ્બર મહીનાના ૨૮ થી ૩૦ તારીખ, આ ત્રણ દિવસો દરમ્યાન વિશેષ અધિવેશનમાં ૯૦ ગામના ૧૧૦ પ્રતિનિધિઓના ઠરાવ સાથે આ સંસ્થા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘની પ્રતિનિધિ સંસ્થા બની. ત્યારથી શ્વે. મૂર્તિ. જૈન સંઘના પ્રતિનિધિ તરીકે લગભગ બધા મોરચે આ પેઢીએ કામ કર્યું છે.

અત્યારે ૧૨ રાજ્યોના ૮૬ પ્રતિનિધિઓ ૧૩ કો.ઑપ્ટ. પ્રતિનિધિઓ આ પેઢી સાથે જોડાયેલા છે.

અત્યાર સુધીના પેઢીના પ્રમુખો અને તેમનો કાર્યકાળ હાલમાં પેઢી પ્રમુખ અને અન્ય ૬ ટ્રસ્ટીઓ દ્વારા પેઢીનો સમગ્ર વહીવટ સુચારુ પેઠે ચલાવવામાં આવે છે.

**પેઢીના પ્રમુખશ્રીઓ, તથા તેમનો કાર્યકાળ :-**

(૧) નગરશેઠ પ્રેમાભાઈ હેમાભાઈ (તા.૧૯-૯-૧૮૮૦થી તા.૩૧-૧૦-૧૮૮૭)
(૨) નગરશેઠ મયાભાઈ પ્રેમાભાઈ (તા. ૨-૧૧-૧૮૮૭ થી તા. ૩-૮-૧૯૦૨)
(૩) નગરશેઠ લાલભાઈ દલપતભાઈ (તા. ૧૮-૧-૧૯૦૩ થી તા. ૫-૬-૧૯૧૨)
(૪) નગરશેઠ ચીમનલાલ લાલભાઈ (તા. ૧૩-૬-૧૯૧૨ થી ૨૧-૮-૧૯૧૨)
(૫) નગરશેઠ કસ્તૂરભાઈ મણીભાઈ પ્રેમાભાઈ (તા.૧-૧-૧૯૧૩થીતા.૧૨-૧૦-૧૯૨૭)
(૬) શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈ (તા. ૨૫-૧૦-૧૯૨૮ થી તા. ૮-૩-૧૯૭૬)

(૭) શેઠશ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈ (તા. ૮-૩-૧૯૭૬ થી તા. ૬-૧૧-૨૦૦૫)

(૮) શેઠશ્રી સંવેગભાઈ લાલભાઈ તા. ૬-૧૧-૨૦૦૫ થી

શેઠશ્રી સંવેગભાઈ લાલભાઈ તા. ૨૮-૨-૮૭ થી તા. ૧૦-૪-૯૩ સુધી આમંત્રિત સદસ્ય તરીકે તથા તા. ૧૦-૪-૯૩ થી ૬-૧૧-૦૫ સુધી ટ્રસ્ટી તરીકે રહ્યા. અને તા. ૬-૧૧-૦૫ થી તેઓ પ્રમુખ તરીકે સેવા આપી રહ્યા છે.

## વર્તમાન ટ્રસ્ટી મંડળ

### શેઠશ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈ આદરણીય માર્ગદર્શક


● ટ્રસ્ટી મંડળ ●

(૧) શેઠશ્રી સંવેગભાઈ લાલભાઈ – પ્રમુખ

(૨) શેઠશ્રી ગૌરવભાઈ અનુભાઈ

(૩) શેઠશ્રી અશોકભાઈ સી: ગાંધી

(૪) શેઠશ્રી સુધીરભાઈ યુ. મહેતા

(૫) શેઠશ્રી સનતભાઈ બકુભાઈ

(૬) શેઠશ્રી જયેન્દ્રભાઈ શાન્તિલાલ

(૭) શેઠશ્રી શ્રીપાલભાઈ રસિકલાલ

● સલાહકાર ●

શ્રી સુરેન્દ્રભાઈ એમ. શાહ

# જૈન સંઘના પ્રભાવક - શ્રાવક શ્રેષ્ઠિ
# શાંતિદાસ ઝવેરી

શ્રી શાંતિદાસ શેષકરણ ઝવેરી એટલે મોગલ સલ્તનતના મશહૂર બાદશાહ અકબરથી માંડીને ઔરંગઝેબ સુધીના બાદશાહોના રાજદરબારમાં આન, બાન અને શાન સાથે ગુજરાતનું ગૌરવ, જૈનસંઘની જાહોજલાલી તથા શ્રેષ્ઠિ પરંપરાના શ્રેષ્ઠ સમાજ મોભી તરીકે ઉપસી આવતું અદકેરું વ્યક્તિત્વ !

મૂળે મેવાડના વતની અને પાછળથી અમદાવાદમાં સ્થાયી થયેલા સિસોદિયા ગોત્રના વીશા ઓસવાલ જૈન શ્રેષ્ઠિ સહસ્રકિરણ (શેષકરણ) વાછાના પરિવારમાં સૌભાગદે માતાની કુક્ષિએ બીજા સંતાન તરીકે વિ.સં. ૧૬૪૫ ઈ.સન્ – ૧૫૮૯માં જન્મેલા અને વિ.સં. ૧૭૫૧માં ઈ.સન્ ૧૬૫૯માં સ્વર્ગવાસી બનેલા શેઠ શાંતિદાસ વર્તમાન કાળમાં છેલ્લા ૪૦૦ વરસમાં થયેલી વિભૂતિઓમાં શિરમોર હતા. મોગલ બાદશાહોની પાંચ પેઢીઓ સાથેનો એમનો નાતો, કુનેહભર્યા સંબંધો અને સમયને પરખવાની એમની દીર્ઘદષ્ટિના કારણે જૈન સમાજ અને સંઘ માટે એમનું પ્રદાન અવિસ્મરણીય અને અતુલ્ય રહેશે. જૈનાચાર્યો જગદ્ગુરુ હીરવિજયસૂરિજી, વિજયસેનસૂરિજી, દેવસૂરિજી, શાંતિચંદ્ર – ભાનુચંદ્ર – સિદ્ધિચંદ્ર ઉપાધ્યાય વગેરની પ્રેરણા... ઉપદેશ... સહવાસના પ્રભાવે સમયે સમયે મોગલ બાદશાહોએ તીર્થરક્ષા, જીવદયા વગેરે સંબંધી જે ફરમાનો લખી આપ્યા તે તમામ શેઠ શાંતિદાસને સુપુર્દ થયા હતા. કેટલાક ફરમાનો સીધે સીધા એમના નામે લખાયેલા હતા.

શત્રુંજય મહાતીર્થના રખોપાનો સહુ પ્રથમ કરાર પણ એમની હાજરીમાં જ વિ.સં. ૧૭૦૭, ઈસ્વીસન્ ૧૬૫૦માં અમદાવાદના તત્કાલીન વીશા ઓસવાલ જ્ઞાતિના બે સગાભાઈઓ રતન શેઠ અને સૂરા શેઠના નામે થયો હતો. ૭૦ વરસની જીવન યાત્રા દરમ્યાન ખાસ કરીને એમના જીવનના ૫૦ વરસ તો નિશ્ચિંતપણે એમણે સંઘ શાસન અને જૈન પરંપરાને સંરક્ષિત રાખવામાં વીતાવ્યા હતા. સમયાનુકૂલ બનીને શાસક વર્ગ સાથેના સંબંધો જાળી રાખવાની એમની કુનેહના કારણે જૈન સંઘના ઘણા ધર્મસ્થાનો મોગલોની ખફા નજરથી બચી શક્યા. એટલું જ નહીં પણ ઐતિહાસિક

દસ્તાવેજો દ્વારા એ પુરવાર થાય છે કે શત્રુંજય, ગિરનાર તથા શંખેશ્વર જેવા તીર્થો મોગલ બાદશાહો તરફથી એમને બક્ષીસરુપે પ્રાપ્ત થયા હતા. મુસ્લિમ શહેનશાહને પ્રસન્ન કરીને અમદાવાદમાં બીબીપુરા ખાતે મેળવેલી ભૂમિ ઉપર શેઠ શાંતિદાસે વિ.સં. ૧૬૭૮, ઈ.સન્ ૧૬૨૧માં ચિંતામણી પાર્શ્વનાથના દેરાસરનું નિર્માણ કાર્ય આરંભ્યુ અને વિ.સન્ ૧૬૮૧ પોષ સુદ-૨, શુક્રવાર, ઈ.સન્. ૧૬૨૫ ની ૪ થી ડિસેમ્બરે વાચકેન્દ્ર નામના વિદ્વાન મુનિના વરદ હસ્તે પ્રતિષ્ઠા કરવામાં આવી પણ દુર્ભાગ્યે ઈ.સન્ ૧૬૪૫-૪૬ દરમ્યાન ગુજરાતના તત્કાલીન મોગલ સૂબા ઓરંગઝેબે એનો નાશ કર્યો.

શ્રી શાંતિદાસ ઝવેરીએ વિ.સં. ૧૬૯૮માં શત્રુંજય મહાતીર્થનો પટ્ટ બનાવેલો જે આજે પણ શત્રુંજયના ઉપલબ્ધ ચિત્રો, પટોમાં સહુથી જુનો છે. આ પટમાં નવટૂંકો દર્શાવાઈ નથી કારણકે નવટૂંકોનું નિર્માણ વિ.સં. ૧૬૭૫ (ઈ.સન્ - ૧૬૧૯) થી માંડીને વિ.સં. ૧૯૨૧ (ઈ.સન્ ૧૮૬૫) સુધીના વરસોમાં થયેલું છે.

શ્રી શાંતિદાસ શેઠે અમદાવાદથી વિ.સં. ૧૬૬૮માં શ્રી શત્રુંજય મહાતીર્થનો છ'રી પાલિત સંઘ કાઢ્યો હતો તથા ૧૬૭૦માં મહાતીર્થ ઉપર મૂળનાયક દાદા આદેશ્વર ભગવાનની આજુબાજુમાં પરિકર બનાવીને એની પ્રતિષ્ઠા કરાવી. આ પ્રતિષ્ઠા શ્રી વિજયસેનસુરીશ્વરજીના વરદ હસ્તે થઈ હતી. પરિકરના શાંતિનાથ-નેમિનાથના પદ્માસનસ્થ જિનબિંબોની નીચે એનો ઉલ્લેખ મળે છે. પરિકરમાંની ૮ મૂર્તિઓની નીચે મળતા શિલાલેખોમાં પ્રસ્તુત જિનબિંબો શાંતિદાસ શેઠે પોતાના પરિવાર અને સ્વજનોના શ્રેયાર્થે નિર્મિત કરાવ્યાનો ઉલ્લેખ છે.

આ ઉપરાંત પણ શાંતિદાસ શેઠના હસ્તે જૈન સંઘની ઉન્નતિના અનેક કાર્યો થયા હતા. સત્તા આગળ શાણપણ ઘણી વખતે નકામું નથી હોતું પણ જો શાણપણનો ઉપયોગ સમયને ઓળખીને, ક્યારેક મૌન રહીને તો ક્યારેક મુખર બનીને જો કરવામાં આવે તો વિધર્મી શાસકોના માધ્યમથી પણ સંઘ-સમાજ અને ધર્મસ્થાનોને સુરક્ષિત રાખી શકાય છે. એનું જ્વલંત ઉદાહરણ એટલે શાંતિદાસ ઝવેરી !

# જીર્ણોદ્ધાર અને નૂતન જિનાલય બનાવવામાં પેઢીનો સહયોગ

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી ટ્રસ્ટનું એક મહત્ત્વનું કાર્ય છે જીર્ણોદ્ધાર ! જૈન સંઘની પ્રાચીન અસ્કયામત અને ભવ્ય વારસા જેવા જિનાલયો – દેરાસરોનું નિર્માણ અત્યંત કાળજી તથા ભક્તિપૂર્વક કરવામાં આવે છે. કેટલાક દેરાસરોનું પુનર્નિર્માણ પેઢીના નિષ્ણાત સોમપુરાઓ દ્વારા સુવ્યવસ્થિતપણે ચાલે છે જ્યારે કેટલાક દેરાસરોનો જીર્ણોદ્ધાર સ્થાનિક સંઘો કે વહીવટી સંસ્થાઓ સંભાળતી હોય છે જે માટે પેઢી આર્થિક સહયોગ પુરું પાડે છે.

આ પ્રવૃત્તિ છેલ્લા વરસોથી ચાલી રહી છે.

દર વરસે પેઢીના નામે જીર્ણોદ્ધાર તથા નવીન દેરાસરોના નિર્માણ માટે અર્થ સહયોગની સારાપ્રમાણમાં અરજીઓ આવે છે. સંઘોને આણંદજી કલ્યાણજી પેઢી ટ્રસ્ટ પાસેથી સહયોગની અપેક્ષા રહેતી હોય છે. પેઢીના ટ્રસ્ટીઓ/કાર્યવાહકો તમામ અરજીઓની ગુણવત્તા, અનિવાર્યતા અને સ્થાનીય સંઘોની પરિસ્થિતિનું આકલન કરીને દેવદ્રવ્યનો લાભ લેવામાં આવે છે.

છેલ્લા વરસોના જીર્ણોદ્ધાર કાર્યો તરફ નજર નાંખીએ.

**વર્ષ ૨૦૦૯-૨૦૧૦**

| | કુલ સંઘ |
|---|---|
| જીર્ણોદ્ધાર | ૬૧ |
| નૂતન નિર્માણ | ૩૬ |
| કુલ | ૯૭ |

**વર્ષ ૨૦૧૦-૨૦૧૧**

| | કુલ સંઘ |
|---|---|
| જીર્ણોદ્ધાર | ૫૩ |
| નૂતન નિર્માણ | ૩૨ |
| કુલ | ૮૫ |

| વર્ષ ૨૦૧૧-૨૦૧૨ | કુલ સંઘ |
|---|---|
| જીર્ણોદ્ધાર | ૫૭ |
| નૂતન નિર્માણ | ૩૮ |
| કુલ | ૯૫ |

| વર્ષ ૨૦૧૨-૨૦૧૩ | કુલ સંઘ |
|---|---|
| જીર્ણોદ્ધાર | ૪૪ |
| નૂતન નિર્માણ | ૧૭ |
| કુલ | ૬૧ |

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી ટ્રસ્ટે

૧. કલ્યાણક ભૂમિ- રત્નપુરી

૨. કલ્યાણક ભૂમિ- કંપિલજી

૩. શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ દેરાસર, અમદાવાદ

૪. ઉમતા ગામ – ઉ. ગુજરાત

આ તમામ સ્થળોએ ચાલતા જીર્ણોદ્ધારના કાર્યોમાં લાભ પેઢી દ્વારા લેવામાં આવે છે.

હાલમાં શેઠ આણંદજી કલ્યાણજી પેઢી હસ્તકના નીચે દર્શાવેલા તીર્થોમાં જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે.

૧. મુછાળા મહાવીરજી – ૨૪ દેરીનો જીર્ણોદ્ધાર

૨. મક્ષીજી – ૩૬ દેરીનો જીર્ણોદ્ધાર

૩. કુંભારિયાજી – ૨ નવી દેરીઓનું નિર્માણ, શ્રી માણિભદ્રવીર અને મૂળનાયક ભગવાન શ્રી નેમિનાથ ભગવાનના અધિષ્ઠાયિકા શ્રી અંબિકા દેવીની દેવકુલિકાનું નિર્માણકાર્ય.

૪. પાલીતાણા – શ્રી ગિરિરાજ ઉપર રાજર્ષિ કુમારપાળ દ્વારા નિર્મિત દેરાસર, પાંચ શિખરી દેરાસર, નવ ટૂંકમાં સ્થિત ઉજમફઈની ટુંક,

સાકરવસીની ટુંક અને શ્રી પુંડરીકસ્વામીના દેરાસરના જીર્ણોદ્ધારના કાર્યો

૫. જુનાગઢ – શ્રી ગિરનાર તીર્થ ઉપરના ચૌમુખજી દેરાસર, મલ્લવાળુ દેરાસર અને જ્ઞાનવાવ દેરાસરનો જીર્ણોદ્ધાર, જૂનાગઢ શહેરમાં શ્રી મહાવીર સ્વામી દેરાસરના પરિસરમાં શ્રી ચૌમુખજી દેરીને નવનિર્મિત બનાવવાનું કાર્ય

૬. રાણકપુર – મુખ્ય દેરાસર ઉપરના ઘુમ્મટ વિગેરેનો જીર્ણોદ્ધારનું

૭. તારંગા – શ્રી ચૌમુખજી દેરીનો જીર્ણોદ્ધાર તથા રથ રૂમ અને કેસર સુખડ ઘસવા માટેની રૂમ

૮. વામજ – દેરાસરનાં મુખ્ય પ્રવેશદ્વારનું કાર્ય

## સમાચાર

જુનાગઢ ગામના દેરાસરજી ખાતે :-

શ્રી ચૌમુખજીની દેરીમાં તથા શ્રી મહાવીર સ્વામી જિનાલયમાં નવનિર્મિત ૬ ગોખલાઓમાં જિનબિંબોનો ભવ્ય પ્રવેશ ઉત્સવ વિ.સં. ૨૦૬૯, વૈશાખ સુદ ૬, ૧૬-૫-૨૦૧૩, ગુરુવારના દિવસે પૂજ્ય ત્યાગી તપસ્વી આદિ પૂજ્ય પંન્યાસપ્રવરશ્રી ધર્મરક્ષિતવિજયજીગણિવર મુનિ ભગવંતોની પાવનકારી નિશ્રામાં ઉજવાયો છે. ૬ ગોખલાઓમાં ૧૮ જિનપ્રતિમાજી તથા શ્રી ગૌતમસ્વામી અને સુધર્માસ્વામીની પ્રતિમાઓ કુલ ૨૦ પ્રતિમાઓનો પ્રવેશ કરાવવાનો લાભ જુદા જુદા પુણ્યશાળી મહાનુભાવોએ લીધો હતો.

આ સાથે જ શ્રી ગિરનાર મહાતીર્થની તળેટી ખાતે જય તળેટીનો ખનનવિધિ વૈશાખ વદ ૧૨, બુધવાર, તા. ૨૨-૫-૨૦૧૩ના દિવસે પૂજ્ય પંન્યાસપ્રવરશ્રી આદિ મુનિભગવંતોની પૂણ્યમયી નિશ્રામાં અત્યંત હર્ષોલ્લાસભર્યા વાતાવરણમાં સંપન્ન થયો છે. ખનનવિધિનો લાભ જય ગિરિરાજ દાદા પરિવાર (હ: પ્રતાપચંદ લક્ષ્મીચંદ તથા અજીતભાઇ મેપાણી પરિવાર, સૂરત) તરફથી લેવામાં આવતા તેમના હસ્તે આ વિધિ સંપન્ન થયો હતો.

<u>વિશિષ્ટ વાંચન</u>

# હું એ જ ખુમારી માંગું છું

આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરિજી મ.

વાત વર્ષો પહેલાંની છે. ત્યારે પાલિતાણામાં માનસિંગ ઠાકોરનું રાજ્ય ચાલે. ઠાકોર ભારે કરડો, ભરાડી અને એંટવાળો માણસ. આ ઠાકોરના રાજ્યમાં કરસન ચોપદાર નામનો ભગત હતો. આપણે તેની વાત કરીશું.

શત્રુંજય પર્વત પર દાદા આદીશ્વર ભગવાનના દરબારમાં રોજ ચારવાર છડી બોલાય. છડી બોલનારનું નામકરસન ચોપદાર. કરસન પૂરો સાડાપાંચ ફુટ ઊંચો; સીસમના સોટા જેવો બાંધો અને વાન પણ ચમકતા સીસમ જેવો જ. અવાજ અષાઢી મેઘની ગર્જના જેવો અને લહેકો તો જાણે મોરના ટહૂકાનો માળો! છડી બોલાય ત્યારે ભલભલા ડોલી ઊઠે. એના અવાજની ખૂબી તો ખરી જ, પણ એના રણકારમાં જે રંગ હતો તે તો આદીશ્વર દાદા પ્રત્યેની ચોળ-મજીઠ જેવી શ્રદ્ધાનો રંગ હતો. ક્યાંય જોવા ન મળે એવો રૂડો રંગ.

એક દિવસ માનસિંગ ઠાકોર ગિરિરાજની યાત્રાએ આવ્યા. રસાલો તો સાથે જ હોય. તે જેવા દાદાના દરબારમાં આવ્યા ત્યાં કરસને હલકદાર કંઠે દાદાની છડી પોકારી. ધ્રુપદના ગાન જેવી, ઘેઘુર અવાજે કરસનની નાભિમાંથી નીકળતા નરવા સાદે બોલાયેલી છડી સાંભળીને ઠાકોર ખુશખુશાલ થઇ ગયા. ખુશાલી પ્રગટ કરવા, પોતાના જમણાં પગનો સોનાનો તોડો હતો એનો પેચ કઢાવીને હાથમાં લીધો. સવાસો તોલાનો એ નક્કર તોડો કરસનને આપવા હાથ લાંબો કર્યો પણ, ચતુર ઠાકોર આપતાં અટકી ગયા : કરસન ડાબો હાથ કાં ધરે ? કરસન કહે : જમણો હાથ દાદા સિવાય કોઈની પાસે ન ધરાય ! ઠાકોર બોલ્યા : તો થયું. અને તોડો પાછો પહેરી લીધો. જોનારા બધા અવાક્ થઈને જોતાં રહ્યાં. દરબારના મનમાં કરસનની છડીનો ગુંજારવ અને એનો વટ, - બન્ને વસી ગયા.

કરસન તો દાદા આદીશ્વરનો હાડસાચો ભક્ત. ભગવાન પણ, જે તેને

દિલ દે છે તેને તે પણ દિલ દઈને દે છે. રોજ સવારે ભળભાંખળું થતાં દાદાનો ગભારો ખૂલે તે ટાણે કરસન નાહી–ધોઈને, સ્વચ્છ થઈને ગભારા પાસે આવી ઝૂકી ઝૂકીને નમન કરે. મોકળા મને અને ખૂલ્લા કંઠે દાદાની છડી પોકારે. પછી અંદર જઈ, દાદાના પસમાંના (ખોળામાંના) ફૂલના ઢગલાને હાથથી થોડાં આઘાપાછાં કરે અને ત્યાંથી રાણી છાપ ચાંદીનો એક રૂપિયો અને એક પાવલી (સવા રૂપિયો) એના હાથમાં આવે ! કહે: દાદા રોજ મને આપે છે. આ વાત બારોટ લોકોના કાને પહોંચી. બધા બારોટ કહે : આ રૂપિયાનો હક્ક અમારો. ચોપદાર કહે : ભલે બાપા ! તમે લેજો. વળતે દિવસે દરબાર ખૂલતાં બારોટ પણ આવી ગયા. કરસન પણ આવ્યો. પૂજારીએ ગભારો ખોલ્યો. છડી બોલાઈ. બારોટ અંદર ગયા. ફૂલ આઘાંપાછાં કરી કલદાર રૂપિયો ગોતવા લાગ્યા પણ ફૂલ સિવાય કશું હાથ ન આવ્યું. વીલે મોઢે બધા બહાર આવ્યા. પછી કરસને અંદર જઈ દાદાને નમન કરીને ફૂલ સહેજ આમ તેમ કર્યાં. બધા જોઈ રહ્યા હતા. ખૂલ્લી આંખે જોતા હતા અને કરસનના હાથમાં ચાંદીનો ચળકતો રૂપિયો આવ્યો. બધા એકી અવાજે બોલી ઊઠ્યા : વાહ ! આદેશ્વર દાદા સાચા અને તેનો ભગત પણ સાચો.

વિજયા દશમીનો દિવસ છે. દશેરાની સવારી ઠાઠમાઠથી નીકળી છે. પાલિતાણાના ઠાકોર રાજા માનસિંગ હાથીના હોદ્દે બેઠા છે. સાજન–માજન–રાસ–રસાલો પણ બહોળો છે. સવારી હવાઈ મહેલથી નીકળી, ગામની મધ્યમાં થઈને તળેટી તરફ આગળ વધી રહી છે.

આજે જ્યાં વલ્લભ વિહારની સામે પાંચ બંગલા છે ત્યાં પહેલાં ખીજડાનું બહુ મોટું ઝાડ હતું અને તેની નીચે વિશાળ ગોળ ઓટલો હતો. એ ખીજડિયો ઓટલો કહેવાતો. ત્યાં કરસન ચોપદાર બેઠો હતો. સવારી ત્યાંથી પસાર થતી ત્યાં હાથી પર બેઠેલા રાજા માનસિંગની નજરે આ કરસન ચડ્યો. ચાલુ સવારી થોભાવી અને કરસનને કહ્યું : કરસન છડી બોલ ! તને આખું ઘેટી ગામ ઈનામ દઈશ. આખી સવારીના અને ભેળાં થયેલા લોકના કાન એક થઈ ગયા, કરસન શું બોલ છે ?

કરસન કહે : છડી દાદા પાસે જ બોલાય. ઘેટી તો શું બધાં ગામ દો તો ય હું અહીં છડી ન બોલું. રાજા માનસિંગ ચૂપ થઈ ગયા. સવારી એમજ આગળ ચાલી.

બધા લોકો કરસનની નીડરતા અને દાદા પ્રત્યેની અવિહડ આસ્થાની વાતો અહોભાવથી કરતા રહ્યા.

આપણને પણ આ ખુમારી સ્પર્શી જાય તેવી છે. માંગવાનું મન થાય : – આ ખુમારી આપણામાં પ્રગટે તો કેવું સારું !

(પાઠશાળા – ભાગ –૧ માંથી સાભાર)

● ● ●

**શેઠ આણંદજી કલ્યાણજી પેઢી ટ્રસ્ટ સંદર્ભમાં બ્રિટીશ સરકારના રાજકીય સલાહકારના કાયદાકીય સહાયકનું નિરીક્ષણ**

The nominal plaintiff is Anandji Kallianji; but htis is not the name of any person. It is the fictitious name (signifying joy and prosperity), of a firm, which is managed by the leaders of the Jain community in Western India, and which has been established for many years in order to carry on all matters of business connected with the temples sacred to the Jain Religion on the Shatrunjay Hill."

- E. T. Candy

(Acting Judicial Assistant to the Political Agent in Kattywar
The Palitana Jain Case, p. 1)

અર્થાત્ – "નામ માત્રના વાદી તરીકે આણંદજી કલ્યાણજીનું નામ છે; પરંતુ આ નામ કોઈ વ્યક્તિનું નથી; એ એક પેઢીનું કલ્પિત નામ છે (એ આનંદ અને આબાદીનું સૂચન કરે છે). એની સ્થાપના, ઘણાં વર્ષ પહેલાં, શત્રુંજય પર્વત ઉપરનાં જૈન મંદિરોના વહીવટને લગતી બધી બાબતોનું સંચાલન કરવા માટે, કરવામાં આવી હતી; અને એનો વહીવટ પશ્ચિમ ભારતના જૈન સમાજના અગ્રણીઓ સંભાળે છે."

**- ઈ. ટી. કેન્ડી**

**કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટના એક્ટીંગ જ્યુડિશિયલ આસિસ્ટન્ટ,
ધી પાલીતાણા જૈન કેસ, પૃ૦ ૧.**

**(૯-૧૨-૧૮૨૧ ના થયેલા રખોપાના કરાર સંબંધમાં)**

# શેઠ આણંદજી કલ્યાણજી પેઢી ટ્રસ્ટના ઈતિહાસ અંગેનું એક સચોટ નિરીક્ષણ !

જૈન સમાજ એ એક એવો સમાજ છે કે જેને ઈતિહાસનું સર્જન કરવામાં જેટલો રસ છે એટલો ઈતિહાસનું રક્ષણ કરવામાં નથી. આ સમાજને નવાં દેરાસરો બાંધવાની જેટલી ધગશ છે. તેટલી ચીવટ જૂનાં મંદિરોના રક્ષણ માટે નથી. જૂની પ્રતિમાઓની પૂજા થાય કે ન થાય; ગમે તે થાય; તેની ફિકર કર્યા વગર નવી પ્રતિમાઓનું સર્જન કરીને પોતાને અમર બનાવવામાં માનનારો આ સમાજ છે, એમ આજની પરિસ્થિતિ જોતાં કહી શકાય. અને આવા સમાજને 'આણંદજી કલ્યાણજી કોણ હતા ? આ નામની પેઢી કોણે સ્થાપી ? આ પેઢી ક્યારે કેટલાં વર્ષ પહેલાં સ્થપાઈ ? આ પેઢીએ કેટલાં વર્ષોમાં શું કામ કર્યું ?' આવી બધી બાબતોની થતીજ તો હોય જ શેની ? આવું ઝીણું કાંતવાની નવરાશ કોને હોય ?

પણ રહો, આખા સમાજને કે સમાજમાંના બીજા કોઈને કદાચ આવી વાતની પતીજ ભલે હોય યા ન હોય, પણ એક વ્યક્તિને આ બધી બાબતોની પતીજ જરૂર હતી. એ વ્યક્તિનું નામ હતું શેઠ કસ્તૂરભાઈ લાલભાઈ. કસ્તૂરભાઈ એટલે ભારતની -. ગૂજરાતની સૈકાઓ જૂની મહાજન પરંપરાના અંતિમ અવશેષ. કસ્તૂરભાઈ એટલે નગરશેઠ શાંતિદાસ શેષકિરણે સ્થાપેલી શ્રેષ્ઠિપરંપરાનો ઝળહળતો છેલ્લો ઝબકારો. આણંદજી કલ્યાણજી પેઢીના ઈતિહાસમાં કદાચ સૌથી વધુ વર્ષો સુધી પેઢીનું પ્રમુખપદ ભોગવનાર શેઠ કસ્તૂરભાઈને મન, પૂર્વજો દ્વારા પ્રાપ્ત થયેલા સમૃધ્ધ ઐતિહાસિક વારસાનું મૂલ્ય ઘણું બધું હતું. એ વારસાનું જતન કરવાની એમની તમન્ના અને કુશળતાનો પ્રતિધ્વનિ, આબુ-દેલવાડા અને રાણકપુરનાં 'ઐતિહાસિક

સ્થાપત્યોના જીર્ણોદ્ધારોમાં અને શત્રુંજય ઉપર બંધાયેલી નવી ટૂંકના મંદિરમાં આજે પણ સંભળાય છે.

આવા આ શ્રેષ્ઠિ મહાજનના મનમાં કોઈક ધન્ય પળે સ્ફૂરણા થઈ હશે, 'કે જે પેઢીનું પ્રમુખપદ હું પચાસ પચાસ વર્ષોથી ભોગવું છું, એ પેઢીનુ મૂળ શું?' એ પેઢીની તવારીખ શી ? એની સ્થાપના ક્યારે થઈ ? કોણે કરી ? શા માટે અને કેવા સંજોગોમાં કરી ? આ નામ કોણે આપ્યું ?' ને એ સાથે જ પેઢીનો ઈતિહાસ તૈયાર કરાવવાની એમને પ્રેરણા થઈ હોવી જોઈએ, અને એમને થયેલી એ અંત:પ્રેરણાનું પ્રશસ્ય પરિણામ એટલે શ્રી રતિલાલ દીપચંદ દેસાઈએ લખેલો ગ્રંથ "શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનો ઈતિહાસ"

(ભાવનગરથી પ્રગટ થતાં જૈન પત્રના તા. ૨-૭-૮૩ના અંકમાં પ્રકાશિત 'સૌનું ગૌરવ' માંથી તારવીને)

**મુનિશ્રી શીલચંદ્રવિજયજી મ.**
**(વર્તમાનમાં આચાર્યશ્રી શીલચંદ્રસૂરિજી મ.)**

• • •

## સમાચાર

પાલીતાણા મહાતીર્થ ખાતે આણંદજી કલ્યાણજીના ઉપક્રમે જશકુંવર પેઢી દ્વારા આયોજિત નવનિર્મિત થનારા શ્રી ચિંતામણી પાર્શ્વનાથ નૂતન જિનાલયનો ખનનવિધિ ૨૧-૫-૨૦૧૩ના વૈશાખ સુદ-૧૧ ના દિવસે સવારે ૯.૩૦ મિનિટે પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય રાજયશસૂરીશ્વરજી મ.સા. આદિ આચાર્ય ભગવંતો, અન્ય પદસ્થો અને મુનિવરો તથા પૂજ્ય સાધ્વીજી મહારાજ સાહેબોની પુણ્યમયી નિશ્રામાં ખનનવિધિ - ખાતમુહૂર્તના લાભાર્થી શેઠશ્રી પુખરાજજી તથા તેમના પરિવારના સદસ્યોના વરદ હસ્તે હર્ષોલ્લાસ અને મંત્રોચ્ચારપૂર્વક સંપન્ન થઈ હતી. આ પ્રસંગે લાભાર્થી પરિવાર તરફથી પ્રભાવનાનું આયોજન કરવામાં આવ્યું હતું.

# તીર્થોમાં ચાલતા વિકાસ કાર્યો

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી ટ્રસ્ટ દ્વારા સંચાલિત વ્યવસ્થાપિત તીર્થ ક્ષેત્રોમાં સમુચિત વિકાસ ક્રમની અન્તર્ગત નીચે પ્રમાણેના કાર્યો થયા છે / થઈ રહ્યા છે.

**(A) તારંગાજી તીર્થ :- પૂર્ણ થયેલા કાર્યો**

૧. યુ. એન. મહેતા ધર્મશાળાનું નવીનીકરણ

૨. ચંપાબાઈ ધર્મશાળાનું નવીનીકરણ

૩. ગિરિશવિહાર બ્લોકનું નવીનીકરણ

૪. કોટિશિલાના પગથિયા કરવાનું કામ.

૫. સંઘો માટે ભોજનશાળા ત્યા રસોડું.

૬. ઓફીસ અને આજુબાજુ કંપાઉન્ડમાં પેવર બ્લોક લગાવવાનું કામ.

**નવા કાર્યો માટેની તૈયારી...**

૧. યુ. એન. મહેતા ધર્મશાળા વધારવાનું કામ.

૨. સિદ્ધશિલા ઉપર જવાના પગથિયાનું રિપેરીંગ કામ

**(B) શેરીસા : તીર્થમાં પૂર્ણ થયેલા કાર્યો**

૧. સેમી બ્લોકમાં એટેચ ટોયલેટ બાથરૂમ

૨. પાણીની સગવડ વધારવા નવો ટ્યૂબવેલ

૩. વામજ દેરાસરજી આગળ દરવાજાનું કામ ચાલુ છે. દેરાસરજી કંપાઉન્ડમાં પેવર બ્લોક

**નવા કાર્યો માટે વિચારણા**

૧. સંઘ રસોડું બનાવવાનું આયોજન

૨. સેમી બ્લોક ઉપર નવા રૂમો બનાવવાનું આયોજન

૩. હયાત બ્લોક ઉપર નવા બ્લોક બનાવવાનું આયોજન

(C) જુનાગઢ : પૂર્ણ થયેલ કામ

૧. તળેટી કંપાઉન્ડમાં દર્શનીય તળેટીનું નિર્માણ

૨. તળેટી કંપાઉન્ડમાં શ્રાવક ઉપાશ્રયનું નવીનીકરણ

**નવા હાથ ધરવાના કામ.**

૧) તળેટી કંપાઉન્ડમાં ભવિષ્યમાં નીચેના કાર્યોનું આયોજન વિચારણાધીન છે.

૧. નવી ધર્મશાળા–ભોંયરામાં પાર્કીંગની સગવડ સાથે

૨. શ્રાવક ઉપાશ્રય ૩. શ્રાવિકા ઉપાશ્રય ૪. કર્મચારી નિવાસ

૫. ભાતાઘરનું મકાન ૬. ઓફીસનું મકાન

૭. તળેટી રોડ પર લીધેલ નવી જમીન પર ડેવલપમેન્ટ

૮. હેમાભાઈના વંડા (ગામમાં) શ્રાવક ઉપાશ્રય

(D) કુંભારીયાજી તીર્થ :- પૂર્ણ થયેલ કામ

૧. સાધ્વીજી રૂમોનું નવીનીકરણ.

૨. પેવર બ્લોકથી પગરસ્તો બનાવવાનું કામ.

૩. કર્મચારી ક્વાર્ટસનું નવીનીકરણ.

૪. નવા બ્લોકનું નવીનીકરણ.

**સૂચિત નવા કાર્યોનું આયોજન**

૧. મુંબઈવાળી ધર્મશાળા તોડી ત્યાં સુવિધાસંપન્ન નવી ધર્મશાળાનું નિર્માણ કાર્ય

૨. નવા બ્લોક ઉપર બીજા બ્લોક બાંધવા.

૩. કંપાઉન્ડમાં નવો દરવાજો બનાવવો.

(E) પાલીતાણા : પૂર્ણ થયેલ કામ

૧. પાંચ બંગલામાં ચાર રૂમોનું નવીનીકરણ

૨. રોહીશાળામાં શ્રી આદેશ્વર પ્રભુજી પગલાની દેરીનું નવીનીકરણ.

૩. રોહીશાળામાં યાત્રિકો માટે ટોયલેટ બાથરૂમ

૪. ગિરિરાજ ઉપર વનીકરણ (ખાનગી સંસ્થા દ્વારા)

૫. વનીકરણ માટે પાણીની જરૂરિયાત-ગિરિરાજ ઉપર ન્હાવાના બાથરૂમોના નિકળેલા પાણીની શુદ્ધિકરણ અને પાઈપ લાઈનથી પાણી પહોંચાડવાની વ્યવસ્થા

૬. ગિરિરાજ ઉપર છીપાવસી ટૂંકની બહાર અજિત-શાંતિ દેરીના રક્ષણ માટે પ્રોટેક્ટીવ વૉલ (રક્ષણ દિવાલ)નું કાર્ય

૭. હઠીસીંગ ધર્મશાળા તથા ઉપાશ્રયનું બાંધકામ (ચાલુ છે.)

**નવા કામ**

૧. પારણાભવન કંપાઉન્ડમાં નવી ધર્મશાળા-ભોજનશાળાનું આયોજન

૨. પાંચ બંગલાના બાકીના રૂમોનું નવીનીકરણ

૩. ગામમાં નવી લીધેલ જમીનમાં ડેવલપમેન્ટનું કામ.

૪. ગિરિરાજ ઉપર નવટુંકમાં નાની ઓફીસ અને સ્ટોરનું કામ.

૫. ગિરિરાજ ઉપર (સૌરઉર્જા) સોલર વિદ્યુતથી સંચાલિત સલામતી વ્યવસ્થા માટેના કેમેરા.

૬. નવટૂંકના સ્નાનઘરોનું નવીનીકરણ

૭. ફૂલવાળા પાછળના સ્નાનઘરોનું નવીનીકરણ

૮. અગાશી ઉપરના સ્નાનઘરોનું નવીનીકરણ

૯. રોહીશાળામાં નદી ઉપર ન્હાવા માટે સ્નાનઘર

**(F) રાણકપુર : પૂર્ણ થયેલ કાર્યો**

૧. જમનાભાઈ ભગુભાઈ ધર્મશાળાનું નવીનીકરણ

૨. દોશીવાળા બ્લોકમાં ટોયલેટની સગવડતા વધારી

૩. પાણીની સગવડ વધારવા જુના કુવાને બાંધીને સફાઈ કરાવી.

૪. દહેરાસરને ફરતે પગરસ્તો તથા સલામતી વ્યવસ્થા માટે દિવાલ-ગ્રીલ અને કેમેરાની વ્યવસ્થા.

નવા કામો

૧. સાદડીવાળી જુની ધર્મશાળા તોડી નવી કરવી.

૨. સ્ટાફ ક્વાર્ટસ બાંધવા.

૩. સંઘ રસોડુ – ભોજનશાળા નવા બનાવવા.

૪. બહારના યાત્રિકો માટે વિસામા તથા સુલભ વ્યવસ્થાનું આયોજન.

૫. સાદડી–ચંદ્રપ્રભુ દહેરાસરજી કંપાઉન્ડમાં નાની ધર્મશાળાનું નિર્માણ.

૬. દેવકીવાડીની જમીનમાં યાત્રિકભવન.

૭. બૂટ હાઉસ–પાસ રૂમ–કેમેરા–મોબાઈલ તથા અન્ય સામાન માટેનો રૂમ બનાવવો.

૮. પશ્ચિમ બાજુએ નવો દરવાજો બેસાડવો.

૯. દેવકીવાડી–પડાયલા રાજપુર જમીનોની સાચવણી માટે કંપાઉન્ડ વોલ બનાવવી.

(G) મક્ષીજી :

ભવિષ્યમાં હાથ ધરાનારા કાર્યો

૧. દહેરાસરજીની પાછળ નવી ધર્મશાળા–ભોજનશાળા

૨. દહેરાસર આગળની ધર્મશાળાનું નવીનીકરણ

(H) મુછાળા મહાવીર

ભવિષ્યમાં આયોજિત થનારા કાર્યો

૧. હયાત રૂમોનું નવીનીકરણ

૨. નવો ખાળકૂવો બનાવવો.

# છાપરીયાળી પાંજરાપોળ એટલે જીવદયાનું જીવંત તીર્થ !

ભાવનગર રાજ્ય તરફથી આણંદજી કલ્યાણજીને મહુવા પરગાણાનું છાપરીયાળી ગામ મૂંગા–અબોલ જાનવરો પશુઓને રાખવા, સાચવવા માટે વાર્ષિક રૂા. ૨૫૧/– ના ઈજારાથી આપેલ જે વિ.સં. ૧૯૦૮ના ચૈત્ર વદ–૧૧ તા. ૧૫–૪–૧૮૫૨ ના દિવસે મહારાજા રાવળ શ્રી અખેરાજજી તથા ભાવસિંઘજી તરફથી એમના સ્વર્ગવાસી વડીલ મહારાજા વિજયસંઘજીની સ્મૃતિ નિમિત્તે ધર્માદા તરીકે ભેટ આપવામાં આવેલ. આ છાપરીયાળી ગામ તથા એની આસપાસની સીમની કુલ ૩૬૦૪ એકર અર્થાત્ ૯૦૧૦ વીઘા જમીન પેઢીને જીવદયાના કાર્યો (પાંજરાપોળ) માટે દાનરૂપે મળી. પણ સ્વરાજ્યની પ્રાપ્તિ પછી રાજ્યોનું વિલીનીકરણ થયું અને કાયદાકીય બારખલી ધારા પ્રમાણે પાંચસો પચાસ વીઘા જમીન ખેડૂતોને આપી દેવી પડી. જેનું વળતર સરકાર પેઢીને આપે છે. કુલે ૬૦૦ વીઘા જમીનમાં વાવેતર કરવામાં આવે છે.બાકીની જમીનમાં બીડ છે.

ભાવનગર રાજ્યના છેલ્લા રાજવી કૃષ્ણકુમારસિંહજી માટે તો એમ કહેવાય છે કે એઓ જ્યારે છાપરીયાળી ગામે આવતા ત્યારે 'આ ગામ તો ધર્માદા કરેલું છે' એમકહીને ત્યાનું પાણી પણ પીતા નહોતા ! આપી દીધેલા દાન પછી એનો કોઈ જ ઉપયોગ પોતાના માટે ના થઈ જાય એની કેવી તકેદારી ?

પવિત્ર યાત્રાધામ પાલીતાણાથી ૪૦ કી.મી. દૂર જેસર પાસે સુનિયોજિત રૂપે ચાલી રહેલી છાપરીયાળી પાંજરાપોળ સંસ્થાનો વહીવટ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી ઈ.સ. ૧૮૫૨ એટલે કે ૧૬૦ વર્ષથી કરી રહી છે.

અત્યારે હાલ પાંજરાપોળમાં ૫ થી ૬ હજાર જેટલા નાના–મોટા જીવ આશ્રય લઈ રહ્યા છે. જેમની સગવડ માટે પાંજરાપોળમાં ૧૫ પાકા શેડ છે અને ૨ બીજા શેડ નિર્માણાધીન છે. માંદા અને અશક્ત જીવ માટે એક ઓપરેશન

થિયેટર અને ટ્રેક્ટર એમ્બ્યુલન્સ વસાવેલ છે. કાયમી ડૉક્ટર રાખી સારવાર આપવામાં આવે છે. ઉપરાંત આસપાસના ગામના પશુઓની સારવાર પણ કરવામાં આવે છે.

સંસ્થા દ્વારા પાંજરાપોળની આસપાસ દાતાઓની સહાયથી સરકારશ્રીની લોકફાળા યોજના અંતર્ગત ૩૦ ચેકડેમ બાંધવામાં આવેલ છે. પાણીના તળ ઉંચા જવાથી જેનો લાભ સંસ્થાને અને આસપાસના ખેડૂતોને મળતો રહે છે.

સંસ્થાની વિકટ આર્થિક પરિસ્થિતીમાં પણ પાંજરાપોળના દ્વારે આવેલ કોઈપણ પશુઓનો સ્વીકાર થાય છે. સંસ્થાની આવી ઉદાર નીતિ તેનું અતિ ઉજ્જવળ પાસુ છે. તેમજ માંદા-અશક્ત પશુઓ માટે ડોક્ટરની સેવાઓ હંમેશા માટે ઉપલબ્ધ છે.

છાપરીયાળી પાંજરાપોળમાં અત્યંત આધુનિક વિશાળ ઓપરેશન થીએટર બનાવવામાં આવેલ છે, જેમાં ઓટોમેટીક ઓપરેશન ટેબલ ઉપર આધુનિક સાધનો વડે કેન્સર તથા અન્ય બીમારીઓના ઈલાજ માટે ઓપરેશન કરી પશુઓની સુંદર સારવાર કરવામાં આવે છે.

સને ૧૮૫૨ થી પશુસેવા ક્ષેત્રે કાર્યરત છાપરીયાળી પાંજરાપોળ માંદા-મૂંગા-ઘરડા-અશક્ત ખોડા પશુઓના રક્ષણ અને નિભાવ માટે અત્યંત જાગૃત છે, જેના ફળ સ્વરૂપે ટ્રસ્ટને વર્ષ ૨૦૦૩ માટે ગુજરાત સરકાર તરફથી મહાવીર જીવદયા એવોર્ડ તથા સર્વશ્રેષ્ઠ પાંજરાપોળ માટેનું પ્રશસ્તિપત્ર પ્રાપ્ત થયું હતું. આ ઉપરાંત વર્ષ ૨૦૦૭-૨૦૦૮ માટે પાંજરાપોળની વિશિષ્ટ કામગીરી માટે ગૌસેવા આયોગ, ગાંધીનગર તરફથી એવોર્ડ પ્રાપ્ત થયો હતો.

છાપરીયાળી પાંજરાપોળમાં આશરે ૫૦૦૦થી વધારે પશુઓ છે. મૂંગા, અશક્ત અને માંદા ઢોરોના નિભાવ તથા સાર-સંભાળની પુરતી વ્યવસ્થા થઈ શકે તે માટે માતબર રકમની જરૂર રહે છે. આં ઉપરાંત ચાલુ વર્ષે દુષ્કાળ જેવી પરિસ્થિતિ છે, ઘાસના ભાવો પણ બેસુમાર વધી ગયા છે, જીવદયા પ્રેમીઓના દાનની સહાયતા વગર આવા ભગીરથ કાર્યનું સંચાલન શક્ય નથી. આપના સંઘ દ્વારા તથા સંસ્થા કે વ્યક્તિગત દરેક જીવદયા પ્રેમીઓને છાપરીયાળી પાંજરાપોળ માટે ઘાસચારા તથા રોકડમાં વધુમાં વધુ દાન આપવા ખાસ વિનંતી છે.

દુષ્કાળની પરિસ્થિતિ ઉભી થતા અત્યારે હાલ પાંજરાપોળમાં જે જીવ છે તેની માવજત, સાર-સંભાળ તથા ઘાસચારાનો ખર્ચ દૈનિક રૂા. એક લાખ પચાસ હજારથી પણ વધુ થાય છે. આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે પાંજરાપોળમાં ઉદારદિલ દાતાઓ તરફથી માતબર આર્થિક સહાય મળી છે. દાતાશ્રીના સાથ-સહકાર વગર આ ભગીરથ કાર્યમાં સફળતા ન મળે. સંસ્થા તેઓની ભૂરિ ભૂરિ અનુમોદના કરે છે.

જીવદયા પ્રેમી દાતાઓના સાથ ઉપરાંત આજુબાજુના ખેડૂતભાઈઓ તરફથી દાનમાં ઘાસચારો પણ મળે છે છતાંપણ આવક કરતા ખર્ચ વધારે રહે છે. જીવદયાપ્રેમી જનતાને અપીલ કરીએ છીએ કે જીવદયાના આ ઉત્તમ, ભગીરથ અને પાયાના કામમાં સહભાગી થઈ ઉદાર હાથે દાન આપશો.

આ પાંજરાપોળ આપની પોતાની છે. જીવદયા એ તો આપણી કુળદેવી છે. સારામાઠા દરેક પ્રસંગોએ આપણી કુળદેવીને યાદ કરવાની આપણી પવિત્ર ફરજ છે. આપ બધાના સહયોગ વગર આ મૂંગા અબોલ પશુ-પંખીઓને સાચવવા શક્ય જ નથી. માટે આપનો નાનો કે મોટો સહકાર અમને જોઈશે જ ! આપ ઈચ્છો તે રાશિનો ચેક અથવા ડ્રાફ્ટ "શેઠ આ.ક. છા.પાં.સા.ટ્રસ્ટ" ના નામનો પેઢીના કોઈપણ સરનામે મોકલી શકો છો. અમને આપના સહયોગની પ્રતીક્ષા રહેશે.

**દાન માટે છાપરીયાળી પાંજરાપોળમાં જીવદયાની વિવિધ યોજનાઓ :-**

૧. રૂા. ૯,૫૧,૦૦૦/-પશુઓને રાખવા શેડ બાંધકામ માટે - શેડમાં યોગ્ય જગ્યાએ તકતીમાં નામ લખાશે.

૨. રૂા. ૪,૫૧,૦૦૦/-પશુઓને પીવા માટે પાણીના કૂવા બાંધકામ માટે - કૂવા ઉપર તકતીમાં નામ લખાશે.

૩. રૂા. ૨,૦૦,૦૦૦/-પશુઓ રાખવાના વાડા બાંધકામ માટે - વાડામાં તકતીમાં નામ લખાશે.

૪. રૂા. ૫૦,૦૦૦/-પશુઓને પીવા પાણી માટે ચેકડેમ બાંધકામ માટે - ચેકડેમ ઉપર તકતીમાં નામ લખાશે.

૫. રૂા. ૫૦,૦૦૦/-પશુ સારવાર કેમ્પ માટે - યોગ્ય જગ્યાએ તકતીમાં નામ લખાશે.

૬. રૂા. ૨૫,૦૦૦/-પશુઓને પાણી પીવા અવેડા બાંધકામ માટે - અવેડા ઉપર તકતીમાં નામ લખાશે.

૭. રૂા. ૧૦,૦૦૦/-કબૂતરની ચણ માટે કાયમી તિથિના દિવસે બોર્ડ પર નામ લખાશે.

૮. રૂા. ૧૦,૦૦૦/-કૂતરાને રોટલા માટે કાયમી તિથિના દિવસે બોર્ડ પર નામ લખાશે.

૯. રૂા. ૧૦,૦૦૦/-પશુઓની દવા સારવાર માટે તિથિના દિવસે બોર્ડ પર નામ લખાશે.

૧૦. રૂા. ૧૦,૦૦૦/-ઘાસચારો - ગોળ - લાપસી - ખાણદાણ માટે કાયમી તિથિ - પાલીતાણા ભાતાઘરમાં વિશ્રામસ્થાનની દિવાલે તકતીમાં નામ લખાશે.

૧૧. રૂા. ૫,૦૦૦/–પશુઓ માટે એક દિવસના ઘાસચારા માટે – તિથિના દિવસે પાલીતાણા ભાતાઘરમાં બોર્ડ પર નામ લખાશે.

૧૨. રૂા. ૧,૫૧,૦૦૦/– મોટા ગાળા માટે ૧૦ ફૂટ X ૩૦ ફૂટ

૧૩. રૂા. ૧,૦૦,૦૦૧/– નાના ગાળા માટે ૮ ફૂટ X ૩૦ ફૂટ

**માત્ર પાંજરાપોળ સંબંધી કાર્યો માટે**

**શેઠ આણંદજી કલ્યાણજી છાપરીયાળી પાંજરાપોળ**
મુ. પો. છાપરીયાળી,
વાયા : જેસર – ૩૬૪૫૧૦. જી. ભાવનગર.
ટેલિ. નં. : ૦૨૮૪૫–૨૮૧૪૨૯, ૦૨૮૪૪–૨૪૫૨૪૫

આણંદજી કલ્યાણજી પેઢી હસ્તકના તીર્થોમાં ચાલતા વિકાસકાર્યો તથા સર્વસાધારણ માટેની વિવિધ યોજનાઓ ઘડવામાં આવી છે. એની વિગતવાર માહિતી માટે પેઢીના મુખ્ય કાર્યાલય અથવા સંબંધિત તીર્થની પેઢીનો સંપર્ક કરવા વિનમ્ર વિનંતી છે.

આપનો નાનકડો સહયોગ પુણ્યાનુબંધી પુણ્યનું ઉપાર્જન કરવામાં નિમિત્ત બની જશે અને તીર્થ વિકાસ દ્વારા જિનશાસનની યત્કિંચિત્ સેવા કરવાનો અપૂર્વ અવસર પ્રાપ્ત થશે.

**તીર્થ વ્યવસ્થા, સલાહ-સૂચન, દાન, સહયોગ, જીવદયા, પાંજરાપોળ જીર્ણોદ્ધાર વગેરે પ્રવૃત્તિઓ માટે - પેઢીના સંપર્ક સૂત્રો :**

**શેઠ આણંદજી કલ્યાણજી પેઢી**
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : ૨૬૬૪૪૫૦૨ - ૨૬૬૪૫૪૩૦
સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૩-૩૦ કલાક સુધી
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)
Telefax : 079 - 2660 8244
E-mail : shree_sangh@yahoo.com

**શેઠ આણંદજી કલ્યાણજી પેઢી**
પટણીની ખડકી, ઝવેરી ચેમ્બર્સની બાજુમાં,
ઝવેરીવાડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૦૭૯-૨૫૩૫૬૩૧૯
સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૩-૩૦ કલાક સુધી
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)

**શ્રી કચવનભાઈ હેમેન્દ્રભાઈ સંઘવી**
વિશ્રુત જેમ્સ ૭૦૧/૨-એ અમન ચેમ્બર્સ, સાતમે માળ,
૧૧૩ મામા પરમાનંદ માર્ગ,
ઓપેરા હાઉસ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ટેલિ નં. : ૩૨૯૬૧૮૭૦
સમય : બપોરે ૧૨ થી ૫ (રજાના દિવસો સિવાય)

**શેઠ આણંદજી કલ્યાણજી પેઢી**
શ્રી રજનીશાંતિ માર્ગ, પાલીતાણા. પીન નં. ૩૬૪૨૭૦
ટેલિ. નં. : ૦૨૮૪૮-૨૫૨૧૪૮, ૨૫૩૬૫૬
ફેક્સ : ૦૨૮૪૮-૨૪૩૩૪૮
સમય : સવારે ૯ થી ૧૨-૩૦, બપોરે ૨-૩૦ થી ૭-૦૦

**'આનંદ કલ્યાણ' ત્રૈમાસિક પત્ર સંબંધી**

**તમામ પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.**


**આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)**
**શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,**
**નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ–૩૮૦૦૦૭.**
E-mail : anandkalyan@yahoo.com

**અને છેલ્લે**

**આપને જો આ અંક ગમે... તો શું ગમ્યું ? કશુંક ના ગમે તો શું ના ગમ્યું ? એ અમને ખુલ્લા દિલે પણ મુલાયમ કલમે જણાવશો તો અમને બહુ જ ગમશે ! પત્રવ્યવહાર માટે ઈ–મેઈલ વધારે ઈચ્છનીય અને આવકારદાયક રહેશે.**

E-mail : anandkalyan@yahoo.com

અમદાવાદના જૈન સંઘના સુવર્ણયુગના
શાસન સમર્પિત શ્રેષ્ઠી પરંપરાના મોભી




શેઠશ્રી શાંતિદાસ ઝવેરી

## આણંદજી કલ્યાણજી પેઢીના પૂર્વ પ્રમુખ



શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈ



શેઠશ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈ

**BOOK - POST**

*To,*


**આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)**

**શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,**

**નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.**

E-mail : anandkalyan@yahoo.com